# અલ્લાહનું આખિરી ફરમાન

દીને ઈસ્લામના સાત રૂકન છે. વલાયત, પાકી, નમાઝ, રોઝા, હજ્જ, જેહાદ અને ઝકાત. અલ્લાહતઆલા એ સાત નાતિકો મુકર્રર કીધેલા છે કે જે અલ્લાહનો પયગામ લોગો તક પહોંચાવે છે અને એમને શરીઅત પર ચલાવે છે. આમાંથી પહેલા આદમ (અ.સ.), બીજા નૂહ (અ.સ.), ત્રીજા ઈબ્રાહીમ (અ.સ.), ચોથા મૂસા (અ.સ.), પાંચમાં ઈસા (અ.સ.), છઠ્ઠા મોહંમદુર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને સાતમા મૌલાના કાઈમ (અ.સ.). શરીઅતે ઈસ્લામના હર ઝાહિરના હુકમના મુકાબલા પર એનું બાતિન હોય છે. આ કાયદા અને ઊસૂલ મુજબ હ.આદમ (અ.સ.) વલાયતના, હ.નૂહ (અ.સ.) પાકીના, હ.ઈબ્રાહીમ (અ.સ.) નમાઝના, હ.મૂસા (અ.સ.) ઝકાતના, હ.ઈસા (અ.સ.) રોઝાના, મૌલાના મોહંમદુર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) હજ્જે બયતુલ્લાહના અને સાતમા નાતિક જે કયામતના દીન આવનાર છે, તે જેહાદની મિસાલ પર છે. હ.આદમ (અ.સ.) તે પહેલા નાતિક અને નબી છે કે જેની વલાયત અલ્લાહતઆલાએ ફરઝ કરીને ફરિશ્તાઓને સજદો કરવાનો હુકમ કીધો. સજદો કરવું એ તાઅતમાં શામિલ છે અને આ જ વલાયત છે કે જેમાં અલ્લાહતઆલાએ બીજા આઅઝાઓની તકલીફ મુકી નથી પણ ફકત તેને દીલથી જ અદા કરવાનું છે. ઈબ્લીસ લઈન સિવાય તમામ ફરિશ્તાઓએ સજદો કીધો અને વલાયતના રૂકન પર પુખ્ત અમલ કીધો. પણ ઈબ્લીસે સજદાથી ઈન્કાર કીધો તેથી તે મરદૂદ લઈન બનો અને અલ્લાહના ફિટકારને લાયક બનો. જહાનના તમામ સુફેદ-સિયાહ લોગો પર વલાયતનો અકીદો રાખવો ફરઝેઐન અને લાઝમી છે. જે કોઈ ઝમાનાના નબી યા વસી યા ઈમામ અને કોઈ પણ મકામના સાહબની વલાયત અને મોહબ્બતથી મૂઁહ ફેરવે અને પહેલાને સિવાય બીજા ને માને, પહેલા-બીજા-તીસરા સિવાય ચોથાને માને યા તો આગલા તમામ સાહબો સિવાય છેલ્લાને માને યા પહેલાને માને અને પાછલા તમામની મોહબ્બતને મૂકી દે તો સિલસિલા વાર કડીમાંથી આગલી યા  વચલી યા પાછલી કડી તૂટી જાય તો તે આખે આખી જોડવાલી સાંકલ બનશે નહી. જો આ સાંકલમાં કોઈ પણ જગાએ તોડફોડ થાય તો શાયદ ઉપરથી નીચે ન ઉતરાય યા તો નીચેથી ઉપર ન ચઢાય. તેથી જ અલ્લાહતઆલાએ આ રૂહાની સાંકલીની કુરઆને કરીમમાં "હબ્લુલ્લાહિલ મતીન" ના નામની ઓલખાણ આપેલી છે, જેનો મતલબ અલ્લાહની મઝબૂત રસ્સી છે. આ રસ્સીમાં કયામતના દિન તક કોઈપણ બહાનાથી તોડજોડ થવાના ઈમ્કાન રહેલા નથી. આ રસ્સીનો એક છેડો અલ્લાહના હાથમાં હોય છે અને બીજો છેડો ઝમાનામાં અલ્લાહના હુજ્જતના હાથમાં હોય છે. લેહાઝા તે કોઈ શખ્સ વલાયત સિવાયના બીજા તમામ શરીઅતના એહકામને બજા લાવે અને જો રસૂલો, નબીઓ અને દીનના ઈમામોની વલાયત થી દીનદારી ન કરે અને તેની માઅરેફત ન કરે તો અલ્લાહતઆલા તેના બીજા કોઈ અમલ નો નફો અને સવાબ તેને પહોંચાવે નહીં.

હર ઝમાનનાં દાઅવતના સાહબ યાઅની કે ઈમામ યા નાઈબે ઈમામ તેના ઝમાનનાં આદમ (અ.સ.) ની જગામાં હોય છે. ઈમામ અહમદુલ મસ્તુર (અ.સ.) રિસાતુલ જામેઆમાં આ વાસ્તે રોશન દલીલો આપીને સાબિત કરે છે કે, આદમ (અ.સ.) વલાયતનાં સાહબ હોય, હર ઝમાનનાં સાહબની વલાયત તેના ઝમાનનાં લોગો પર વાજિબ થાય છે. જેમ વલાયત ઈસ્લામનાં સાત ખંભાઓ-થાંભલાઓનો રઈસ છે તે મુજબ અલ્લાહતઆલાએ ઈન્સાનનાં જીસ્મનાં આઅઝાઓમાં દિલ-કલ્બને તમામ આઅઝાઓ-અંગોમાં રઈસ બનાવેલું છે. જો દિલમાં મરઝ-બિમારી લાગુ પડે અને તે ખિદમત આપતું બંધ થઈ જાય તો તે સિવાયના તમામ જિસ્મના આઅઝાઓ મુરદાર થઈ જાય. દિલ સહીહો સાલિમ હોય તો જ દિલ સાથે જિસ્મના બીજા આઅઝાઓનો રાબેતો-રિશ્તો અને બંધન બરકરાર રહે છે. દિલની બિમારીનાં સબબ તમામ જિસ્મ બિમાર થઈ જાય છે. એ જ શાકેલત અને રવિશ પર વલાયતનાં રૂકનમાં ખામી અને કમી આવે તો બીજા તમામ અરકાનમાં કુસૂર વાકેઅ થાય છે.

નમાઝની તકલીફ તે જ શખ્સ વાસ્તે છે જે તંદુરસ્ત, સહીહ અને સાલિમ હોય. રૂકુઅ અને સુજૂદ બરાબર કરી શકે. અગર આ ચીઝો તેનામાં મૌજૂદ ન હોય તો બેસીને યા બિસ્તર પર નમાઝ પઢે. ઝકાતની તકલીફ તે જ શખ્સ પર વાજિબ છે જે દૌલતમંદ હોય અને ૨૦૦ દિરહમ યા ૨૦ દીનારથી ઝિયાદહ નકદ રૂપિયાનો માલિક હોય. જેહાદ તે શખ્સ પર વાજિબ છે કે જે મૈદાને જંગમાં જાવા કાબિલ હોય, તંદુરસ્ત હોય, આદાબે જંગ જાણતો હોય અને કુવ્વતવાલો હોય. હજ્જે બૈતુલ્લાહ ઈસ્તેતાઅત અને તાકત રાખનાર શખ્સ પર વાજિબ છે. બીજાની દૌલતથી યા કે બિમારીની હાલતમાં હજ્જ ન કરે.  રોઝા તમામ પર વાજિબ છે પણ મરીઝ યા મુસાફિર પર નહીં. પણ અગર વલાયતની વાત કરીએ તો તેનો તઅલ્લુક અને તકલીફ દિલ સાથે હોય, હર સગીર-કબીર, બિમાર-તંદુરસ્ત, સુફૈદ-સિયાહ, વતની યા મુસાફિર પર હર હાલતમાં વાજિબ છે. ઈન્સાનની જિસ્માની કૈફીયત યા માલી સલાહીયત સાથે તેની કોઈ લેની-દેની નથી. ઝમાનાના સાહબની મોહબ્બત, ઉલ્ફત અને મવદ્દત સિર્ફ દિલ સાથે જ વાબિસ્તા હોય છે.

ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ મોહંમદ (સ.અ.વ.વ.) ને નબી અને રસૂલ બનાવીને લોગોને તરફ મોકલા, કે આપ "**લા ઇલાહા ઇલ્લલ્લાહ મોહંમદુર રસૂલુલ્લાહ**" ની શહાદત દેવડાવે અને લોગોમાં નમાઝ કાઈમ કરે. પહેલા તબકામાં આપની દાઅવતના બાઝ લોગોએ જવાબ દીધો. તે બાદ કસીર લોગો ઈસ્લામમાં શામિલ થયા. જિબ્રઈલ (અ.સ.) પધારા અને ફરમાવું કે, અય મોહંમદ ! તમે લોગોને નમાઝનું અને તેની હુદૂદ, વક્તો અને રકાતની ગિનતીનું ઈલ્મ આપો. તો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ લોગોને જમાઅ કીધા અને અલ્લાહનું ફરમાન સંભલાવું કે, અય લોગો ! અલ્લાહતઆલાએ તમારે પર ઝોહરની નમાઝ આ મુજબ ફરઝ કીધી છે. તે મુજબ અસર, મગરિબ, ઇશા અને ફજરની નમાઝ

પણ ફરઝ કીધી છે. જેના અરકાન, શરતો, હુદૂદ, આદાબ, વકત અને ગિન્તી આમ આમ છે. તે બાદ ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) લોગોને સવાલ કરે છે કે, શું નમાઝની આ તમામ ઝુરૂરી માઅલૂમાત અલ્લાહના કિતાબમાં છે ? તો લોગોએ જવાબ દીધો કે હરગિઝ નહી !

આપ (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ ઝકાતના ફરિઝા ને નાઝિલ કીધો અને દૌલતમંદના દીનાર, દિરહમ, ખજૂર અને ખેતીની પૈદાવારમાંથી શું શું અપાય તે જણાવું. જિબ્રઈલ (અ.સ.) પધારા અને મોહંમદુર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ફરમાવવા લાગા કે, યા રસૂલલ્લાહ! આપ લોકોને ઝકાતની અદાયગીનું ઈલ્મ આપો તરહ કે આપે નમાઝ વાસ્તે ફરમાવું. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ લોગોને જમાઅ કીધા અને ફરમાયું કે, એ લોગો અલ્લાહતઆલા એ તમારે માથા અને માલની ઝકાતન વાજિબ કીધી છે. તો તમે વીસ દીનાર માંથી અડધો દીનાર, બસો દિરહમમાંથી પાંચ દિરહમ, ઊંટોની ગિનતી, ઢોર-ઢંકર, બકરા-ઘેંટાંમાંથી આ મુજબ અને ખેતીની પૈદાવારમાંથી આ મુજબ ઝકાત નીકાલો. આ બાદ મોહંમદ બાકિર (અ.સ.) એ લોગોને પૂછું કે, અય અહલે ઈસ્લામ! શું આ વિગતો તમેં અલ્લાહની કિતાબમાંથી જાણી શકો છો ? તમામે જવાબ દીધો કે, હરગિઝ નહીં! અય રસૂલુલ્લાહના ફરઝંદ.

તે બાદ આપ મોહંમદ બાકિર (અ.સ.) એ ફરમાવું કે, અલ્લાહતઆલાએ મુસલમાનો પર રમઝાનના રોઝાને ફરઝ કીધા. એ પહેલા એ લોગો ફકત મોહર્રમના આશુરાનું રોઝું કરતા હતા. જિબ્રઈલ (અ.સ.) પધારા અને હુકમે ખુદા સુનાવો કે અય મોહંમદ (સ.અ.વ.વ)! તમેં લોગોને રોઝા રાખવાની તાઅલીમ આપો જે તરહ નમાઝ અને ઝકાતની આપી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ લોગોને જમાઅ કીધા અને હુકમે શરીઅત સમજાવો કે, અલ્લાહતઆલાએ તમારે પર શહેરે રમઝાનના રોઝા વાજિબ કીધા છે તો તમે દીનમાં જમવાથી, પીવાથી અને બૈરો સાથે હમબિસ્તરી કરવાથી બાઝ રહો અને રોઝાની હાલતમાં ફલાઁ અમલ કરો અને ફલાઁ અમલ ન કરો તો જ રોઝું વાજિબ છે. ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) એ લોગોને સવાલ કીધો, શું તમે આ રોઝાના આદાબ અલ્લાહના કિતાબમાં જુઓ છો ? જવાબ મીલો કે હરગીઝ નહી!

તો આપ (અ.સ.) એ ફરમાવું કે, અલ્લાહતઆલાએ હજ્જે બૈતુલ્લાહના ફરીઝતને નાઝિલ કીધો પણ લોગોને ઈલ્મ નહોતું કે હજ્જ કઈ તરહ અદા કરે. તે વકત જિબ્રઈલ (અ.સ.) પધારા અને ફરમાવું કે, અય મોહંમદુર રસૂલુલ્લાહ! તમેં લોગોને હજ્જના મનાસિકની તાઅલીમ આપો. જે તરહ તેઓને નમાઝ, ઝકાત, રોઝાની તાઅલીમ આપી. રસૂલુલ્લાહ બાવાજીએ લોગોને દાઅવત દીધી અને હજ્જ વાજિબ થાવાનું ફરમાન સંભલાવું. તેમાં તવાફ દેવાની શરતો, આબે ઝમઝમનું પીવું, મકામે ઈબ્રાહીમ અને હજરે અસવદને બોસા દેવું, સફા-મરવાની સાઅય કરવી, અરફા-મિના અને શયતાનને કંકર મારવાના અમલ તેમજ એહરામની બાઝ અદબોની તાઅલીમ આપી. યહાં તક કે હજ્જના મનાસિક પૂરા કીધા. તે બાદ ઈમામ મોહંમદ બાકિર (અ.સ.)એ લોગોને પૂછું કે, શું હજ્જના તમામ અરકાન કુરઆને કરીમમાં મૌજૂદ છે ? લોગોએ જવાબ દીધો કે હરગિઝ નહી !

આપ (અ.સ.) ફરમાવે છે કે, તે બાદ અલ્લાહતઆલાએ લોગો પર જેહાદ ફરઝ કીધી પણ તે લોગો નહોતા જાણતા કે, જેહાદ કઈ તરહ કરવી. તો જિબ્રઈલ (અ.સ.) પધારા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર ફરમાન કીધું કે, તમેં શરીઅતના આગલા અરકાનની જેમ તાઅલીમ આપી તેમ લોગોને જેહાદ વાસ્તે કહો. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ લોગોને ફરમાવું કે, અય લોગો! અલ્લાહતઆલાએ તમારા પર જેહાદ ફરઝ કીધી છે તો તમેં અલ્લાહની રાહમાં તમારા માલ અને નફસથી જેહાદ કરો. તેમાં મૈદાને જંગની આ હૂદૂદ છે, દુશ્મન સાથે મુકાબલાની આ શરત છે, જેહાદ વાસ્તે કઈ તરહ નીકલવું અને કઈ ઝરૂરીયાત સાથે રાખવી તેનું બયાન હરફન-હરફન કીધું.

તે બાદ અલ્લાહતઆલાએ વલાયતનો રૂકને ખુસૂસી ફરઝ અને લાઝિમ કીધા. જેનું બયાન અલ્લાહતઆલાએ, **"ઇન્નમા વલીયો કોમુલ્લાહો વ રસૂલોહુ વલ્લઝીના આમનુલ્લઝીના યુકીમૂનસ્સલાતા વયુતૂનઝ ઝકાતા વહુમ રાકેઊન,"** બેશક તમારો વલી અલ્લાહ છે અને તેના રસૂલ છે અને તે લોગો જે ઈમાન લાવા, જે નમાઝને કાઈમ કરે છે, ઝકાતને આપે છે, રૂકુઅ દેવાની હાલતમાં છે. આ આયતથી આમ મુસલમાનો એમ કહેવા લાગા કે, હમારા બાઝ લોગો બાઝ ના વલીયો છે જે સરાસર ગલત હતું. કેમ કે, ઝમાનામાં એક જ વલી હાઝર હોય જેને બાકીના તમામ લોગો તાબેઅ થાનાર હોય. તે વકત જિબ્રઈલ પધારા અને ફરમાવું કે, યા રસૂલલ્લાહ (સ.અ.વ.વ.) વલાયતની બાબતમાં લોગો ગુમરાહીમાં છે. આ લોગોને વલાયતની સહી માઅના સમઝાવો જે તરહ કે આપે નમાઝ, ઝકાત, રોઝા, હજ્જ અને જેહાદની માઅના સમઝાવી. તે વકત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, અય મારા ભાઈ જિબ્રઈલ, મારી ઉમ્મતમાંથી જાહિલીયતના ઝમાનાની અસર ગઈ નથી. હું ખૌફ કરૂં છું કે, લોગો વલાયતના ફરમાનને રદ કરી દેશે.

હિજરી સાલના દસમાં વરસમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આખરી હજ્જ યાઅને હિજ્જતુલ વદાઅ ફરમાવી. તે વકત અરફાના મૈદાનમાં, મિનામાં, મસ્જિદે ખીફની જગામાં, મક્કા અને મદીના ને દરમિયાન જોહફા નામની જગામાં અલ્લાહતઆલાની વહ્ય નાઝિલ થઈ કે, અય રસૂલુલ્લાહ! તમેં વલાયતના ફરીઝાને લોગોમાં પહોંચાવી દો અને અલી (અ.સ.) ને અમીરૂલ મુમેનીન બનાવીને આપના કાઈમ મકામ વસી અને ખલીફા મુકર્રર કરો. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અલ્લાહનું આ આખિરી ફરમાન સાંભલીને દિલમાં ખૌફ રાખતા હતા કે લોગો અલી (અ.સ.) ની વલાયતનો ઈન્કાર કરી દેશે. સબબ કે આપ જાણતા હતા કે, ૨૩ સાલા રિસાલતની મુદ્દતમાં ઘણાનાં દિલમાં અલી (અ.સ.) વાસ્તે નિફાક અને હસદ પૈદા થયો હતો. આ ફરમાન પહોંચાવવામાં આપે દિલમાં ઝીઝક મેહસૂસ કીધી અને તાખીર કીધી તો અલ્લાહતઆલાએ સખત ફરમાન નાઝિલ કીધું

કે, **"યા અય્યોહર રસૂલ, બલ્લિગ માઉનઝેલા એલયકા મિર રબ્બિક,"** માઅના - અય અલ્લાહના રસૂલ! તમેં પહોંચાવી દો લોગોને તે વાત કે જે તમારા રબ તરફથી તમારે તરફ નાઝિલ કરવામાં આવી છે - અલીયુલ મુરતુઝાના બારામાં એમની વલાયત ઝાહીર કરવાની વાત. પછી અલ્લાહનું ફરમાન થયું, **"વઇન લમ તફઅલ ફમા બલ્લગતા રેસાલતોહુ, વલ્લાહો યાઅસેમોકા મિનન્નાસ,"** માઅના - જો અગર તમેં રિસાલત પહોંચાડવાનું કામ નહીં કરો તો તમે (આગલી તમામ) રિસાલત ને બિલકુલ પહોંચાવી જ નથી અને અલ્લાહતઆલા તમને લોગોથી ઈસ્મત આપશે, લોગોના શરથી બચાવશે.

અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં શરીઅતના કોઇ પણ સખત યા નરમ એહકામમાં યા હલાલો-હરામ બયાન કરવામાં રસૂલુલ્લાહ ને લોગોથી ઈસ્મત નથી આપી. રસૂલ પર તો એ વાજિબ જ છે કે અલ્લાહનો પયગામ લોગોની તરફ ખુલ્લમ-ખુલ્લા પહોંચાવે. એમાં લોગોનો ડર રૂકાવટ બનીને આવતો નથી. પણ વલાયતના ફરીઝાને પહોંચાવવામાં આ મુજબનો ભારી અને સખત હુકમ થયો કે, જો તમેં તે ફરીઝો લોગો તરફ ન પહોંચાવો તો આગલા તમામ ફરમાન બેકારો-બેમાઅના થઈ જાશે.

આ હુકમે ઈલાહી બાદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ લોગોને ગદીરે ખુમ્મની જગા પર ૧૮ ઝિલહજ્જના દિન જમાઅ કીધા અને ખુત્બો પઢો કે, અય લોગો! અલ્લાહતઆલાએ મને આ જગા પર આખિરી રિસાલત વાસ્તે મોકલેલો છે પણ હું થોડો તંગાસમાં આવી ગયો તો અલ્લાહતઆલાએ મારા પર સખ્તી કરીને વાઅદો કીધો કે, હું અગર એને નહીં પહોંચાડું તો એ મારા પર અઝાબ કરશે. તો અય લોગો, શું તમેં નથી જાણતા કે, અલ્લાહતઆલા મારો મૌલા છે અને હું મુસલમાનોનો મૌલા છું. લોગોનો વલી એમના નફસોથી બેહતર જ હોય. લોગોએ કીધું કે, જી હાઁ ! પછી આપ (સ.અ.વ.વ.) એ હ.અલી (અ.સ.) ના હાથને પોતાના હાથમાં લઈ ઉભા કીધા અને આપે બે હાથથી અલી (અ.સ.) ને એટલા ઉંચા કીધા કે, આપના બાઝુઓ નીચેની સૂફેદી નમૂદાર થઈ. આપે ફરમાવું કે, **"મન કુનતો મૌલાહો ફહાઝા અલીયુન મૌલાહો,"** માઅના - જે કોઈનો હું મૌલા હતો તો આજ પછી તેના અલી મૌલા છે. પછી આપે ફરમાવું કે, જેનો હું વલી હતો હવે પછી આ અલી તેના વલી છે. આ સાથે દોઆ કીધી કે, અય રબ્બુલ આલમીન! મોહબ્બત કરજે તું તેને કે જે અલી ને મોહબ્બત કરે, દુશ્મની રાખજે તેની જે અલીની દુશ્મની રાખે, મદદ કરજે તું તેને કે જે એને મદદ કરે, દૂર કરજે તું તેને કે જે એને દૂર કરે અને જે જગા પર પણ અલી જાય તે જગા પર હક્કને લઈ જાજે.

ઈમામ મોહંમદ બાકીર (અ.સ.) ફરમાવે છે કે, આ મુજબ અલ્લાહતઆલાએ હ.અલી (અ.સ.) ની વલાયત-મોહબ્બત-મવદ્દત હર મુસલમાન મરદ અને બૈરો પર ફરઝ કીધી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ હિજ્જતુલ વદાઅના મૌકા પર અરફાના મૈદાનમાં અહલે બૈત (અ.સ.) ની વલાયતનો પયગામ પહોંચાડી જ દીધો હતો. આપે આપના ખુત્બએ બલીગામાં એમ ફરમાવું કે, હું ડરું છું કે આજના દીન બાદ આ મકામમાં હું તમને ન જોઉં અને તમે મને ન જુઓ. તેથી મેં તમારે દરમિયાન બે ભારી ચીઝો છોડીને જાઉ છું. જો તમે એને મારા ઈન્તેકાલ બાદ મઝબૂતીથી પકડી રાખશો તો હરગિઝ ગુમરાહ નહીં થાવ. તે બે ચીઝો અલ્લાહના કિતાબ અને મારા અહલેબૈત-મારી ઈતરત છે જે બેવે હરગિઝ જુદા નહી થાય. યહાઁ તક કે મને આવીને હૌઝે કૌસર પર મીલશે. આ અલ્લાહતઆલાની આસમાનથી તમારે તરફ નાખેલી રસી છે જેનો એક છેડો અલ્લાહના હાથમાં અને બીજો છેડો તમારા હાથમાં છે. આ હદીસ ગદીરે ખુમ્મ માં હ.અલી અમીરૂલ મુમેનીન પર થયેલી નસ્સે જલી મુજબ માઅરૂફો મશહૂર છે. વસાયતનીઆ નસ્સે જલીની રિસાલત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ગદીરે ખુમ્મમાં પહોંચાવી તો ૭૦,૦૦૦ થી ઝિયાદા લોગોએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર અને અલીયુવ વલીયુલ્લાહ ના દસ્તે મુબારક પર હાથ મૂકીને બયઅત આપી અને કાઈમ મકામી તેમજ તાજ પોશીની મુબારક બાદી આપી તે વક્ત અલ્લાહતઆલાએ આયતે કરીમા નાઝિલ ફરમાવી કે, "અલ યવમા અકમલતો લકૂમ દીનકુમ વઅતમમતો અલયકુમ નેઅમતી વરઝીતો લકોમુલ ઈસ્લામા દીના," માઅના - આજ ને દિન મે તમારા વાસ્તે દીન કામિલ કીધું અને મારી નેઅમત (જે અલીની વલાયત છે) તમારા પર તમામ કીધી અને ખુશગવાર બનાવી દીધું તમારે વાસ્તે દીને ઈસ્લામ ને.

હમેં, આશિકાને અહલે બૈત (અ.સ.) ખુશ કિસ્મત છીએ કે આ વલાયતની નેઅમત આવવાથી હમારે વાસ્તે દીને ઈસ્લામ મુકમ્મલ થયું. હમેં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અવ્વલથી આખિર તક તમામ નરમ-સખ્ત ફરમાનને દિલો જાનથી કુબૂલ કીધું, આલે મોહમંદને સિદક દિલમાં માના અને ઝિંદગીની રાહને કુરઆની સવારી પર અહલે બૈત (અ.સ.) ની લુગામ પકડીને તય કરવાની નિય્યતે ખાલેસા કીધી. અલ્લાહતઆલા અલીએ આઅલાની માઅરેફત થી હમારી દુનિયા તેમજ આખેરતને હસનતો-નૈકીઓથી ભરી દેજો. ★